ISSN: 2319-202X

# બહુરૂપી ગાંધી – એક ઉમદા બાળસાહિત્યનો પરિચય

**ડૉ. હરિકૃષ્ણ એ. પટેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર–૨૩, ઘ–૬ પાસે, ગાંધીનગર–૩૮૨૦૨૩.

**ગ્રંથ પરિચય**

**પુસ્તકની બાહ્ય લાક્ષણિકતાઓ**

નામઃ બહુરૂપી ગાંધી
કુલ પૃષ્ઠ: ૧૪૯+૨= ૧૫૧
મૂળ લેખકઃ અનુબંધોપાધ્યાય
અનુવાદકઃ ડૉ. હરિકૃષ્ણ એ. પટેલ, ડૉ. પ્રતાપરાય ટી. પંડ્યા
પુસ્તકનું કદઃ ડેમી સાઇઝ
પ્રકાશકઃ હંમેશ મનહર મોદી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ
મુખપૃષ્ઠઃ હિતેષ જોશી
ટાઈપ–સેટિંગઃ પૂજા ગ્રાફિક્સ, ગાંધીનગર
પુસ્તકનો આકારઃ લંબચોરસ
યોગ્યતાઃ કાગળની યોગ્યતા સારી, સફેદ
આવૃત્તિઃ પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨
બાંધણીઃ પરફેક્ટ, પાકુ પૂંઠું, ટકાઉ, વ્યવસ્થિત
ISBN No.–૯૭૮–૯૩–૮૨૪૫૬–૧૯–૩
મુદ્રણ અને છાપકામઃ કાવ્ય પ્રિન્ટર્સ, અમદાવાદ
મૂલ્યઃ રૂ. ૧૬૦/–
પુસ્તકનો પ્રકારઃ  જીવન ચરિત્રાત્મક બાળ સાહિત્ય

પુસ્તકના ‘મુખ’ ભાગમાં સદા નિરાળુ સ્મિત આપતા વિશ્વ વંદનીય રાષ્ટ્રપિતા ગાંધીજીના દર્શન થાય છે, સાથોસાથ મૂળ લેખક અને અનુવાદકોના નામનો પરિચય મળે છે. જ્યારે ‘પૃષ્ઠ’ ભાગમાં જેમ મહાભારતમાં ગાંડીવધારી અર્જુન બન્ને હાથે બાણ ચલાવી શકતા હતા તેમ સવ્યસાચી એવા બાપુ બન્ને હાથે લખાયેલ હસ્તાક્ષરોનું દર્શન વાચકને તેમની આગવી વિશેષતાનો પરિચય આપે છે. આ મુખપૃષ્ઠ– બન્ને ગ્રંથના વિષયવસ્તુ સાથે બિલકુલ સુસંગત છે.

પુસ્તકના પ્રારંભિક ભાગમાં પ્રસ્તુત ગ્રંથ અનુવાદકો દ્વારા તેમની માતાના ચરણકમળમાં અર્પણ કરવામાં આવેલ છે, જે તેમની કૃતજ્ઞતા અને માતા પ્રત્યેનો આદર દર્શાવે છે.

### પુસ્તકની આંતરિક લાક્ષણિકતાઓ

**અક્ષરોનું કદઃ** અક્ષરોનું કદ પ્રમાણમાં યોગ્ય છે. બે શબ્દો વચ્ચે વ્યવસ્થિત અંતર છે.

**પ્રકરણ રચનાઃ** આ ગ્રંથમાં પ્રારંભમાં પ્રસ્તાવનારૂપે સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂનો ૧૦ માર્ચ, ૧૯૬૪ના રોજ નવી દિલ્હીથી મૂળ ગ્રંથ માટે લખી મોકલાવેલ શુભેચ્છાસંદેશ, ગ્રંથના મૂળ લેખિકા શ્રી અનુબહેન બંધોપાધ્યાયના બે બોલ તથા અનુવાદકોના ઉદ્-બોધન અને ઋણ સ્વીકાર સ્વરૂપ ‘બે બોલ’ પ્રેરણાદાયી શૈલીમાં રજૂ કરેલ છે. પ્રસ્તુત ગ્રંથમાં કુલ ૨૭ પ્રકરણોની રચના કરવામાં આવી છે. આ બધા જ પ્રકરણો ગાંધીજીના જીવનવૃત્તાંતના વિવિધ પ્રસંગોને આધારે ક્રમબદ્ધ રીતે ગોઠવાયેલા છે, અહીં આ પ્રકરણો દ્વારા ગાંધીજીના એવાં એવાં રૂપો પ્રગટ કર્યા છે કે કોઈપણ ઉંમરનો વાચક આ પુસ્તકને એક જ બેઠકે પૂરું કરવાની જિજ્ઞાસા ન છોડી શકે.

**વિષયવસ્તુઃ** સમગ્ર ગ્રંથના કેન્દ્રસ્થાને ‘ગાંધી-જીવનદર્શન’ છે. રાષ્ટ્રપિતા બાપુના જીવનનાં ઘણાં બધાં અપ્રકાશિત રહી ગયેલા પાસાઓ ઉપર આ ગ્રંથના પ્રસંગો પ્રકાશ પાડે છે, સાથોસાથ ગાંધીજી તેમના જીવનમાં નાની નાની વાતોનું પણ કેટલું સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરતા- કાળજી રાખતા તે પણ વર્ણવે છે. ગાંધીજીએ ખરેખર શું શીખવ્યું? શારીરિકશ્રમની બાબતમાં બાપુ શું માનતા હતા? શું બાપુ ફક્ત સ્વતંત્રતાનું નિર્માણ કરનાર જ હતા? આવા અનેક પ્રશ્નોના ઉત્તર આજના બાળકો અને યુવાનોને આ ગ્રંથ દ્વારા મળી રહે તેમ છે. ગ્રંથના વિષયવસ્તુની સાથોસાથ શ્રી આર. કે. લક્ષ્મણ દ્વારા ઘણા બધા પ્રસંગોને અનુરૂપ રજૂ કરેલ ચિત્રો (કાર્ટૂનો) સાચે જ વાચકનો રસ જાળવી રાખવામાં સહાયરૂપ બને છે.

આમ, પ્રસ્તુત ગ્રંથનું સમગ્ર વિષયવસ્તુ રાષ્ટ્રપિતા ગાંધીજીના ‘મારું જીવન એ જ મારો સંદેશ’ને સાચા અર્થમાં રજૂ કરતા અનેક પ્રસંગો સાથે વણાયેલું છે. જે તેમની વાણી કરતા વર્તનને, તેમના દ્વારા પ્રસ્તુત કર્મયોગને વધુ વ્યક્ત કરે છે. આજ દિન સુધી બાપુના જીવન ઉપર ઘણું-બધું સાહિત્ય લખાયું છે પરંતુ અહીં એક બંગાળી સાહિત્યને ગુજરાતી સાહિત્ય સાથે સાંકળવાનો ઉત્તમ પ્રયાસ કરવામાં આવ્યો છે જે ખૂબ જ પ્રશંસનીય છે.

### વિષયવસ્તુની રજૂઆતઃ

**ભાષાઃ** આ ગ્રંથની ભાષા બાળકો, કિશોરો અને યુવાનોનો રસ જાળવી રાખે તેવી ખૂબ જ સરળ છે. જો કે તેમાં આઝાદી સમયની ભારતીય જીવનશૈલીની છાંટ જોવા મળે છે. ઘણા બધા શબ્દો તે સમયની તળપદી ભાષામાં પણ છે, જો કે અનુવાદકે તેના અર્થ આપવાનો સુંદર પ્રયાસ પણ કરેલ છે. અન્ય જીવનચરિત્રાત્મક ગ્રંથોની તુલનામાં ગુજરાતી વાચક વર્ગ અને તેમાં પણ બાળકો સમજી શકે તેવી ભાષામાં મોટાભાગનું લેખન થયેલું છે.

**શૈલીઃ** ગ્રંથનું લખાણ વર્ણનાત્મક શૈલીમાં છે. અહિંયા વિવિધ પ્રકરણોમાં રજૂ થયેલ બાપુના જીવનના પ્રસંગો એક દૃષ્ટા તરીકે આંખ સમક્ષ પ્રત્યક્ષ જોયા હોય તે રીતે, એક સાક્ષીભાવ સાથે વર્ણવવામાં આવેલ છે. આ સમગ્ર ગ્રંથના ઘણા-બધા પ્રકરણોના

અવતરણોમાં બાપુના તેમના પોતાના વિચારો પણ જેમના તેમ જ વર્ણવેલ છે. સમગ્ર ગ્રંથની ઉપયોગિતા અને અર્થબોધન ઉત્તમ કક્ષાનું છે.

**સાતત્ય:** સમગ્ર ગ્રંથના ૨૭ પ્રકરણોમાં એકસૂત્રતા અને સાતત્ય જોવા મળે છે. આ વિવિધ પ્રકરણોમાં બાપુના કર્મયોગીથી લઈને ગોરમહારાજ સુધીના વિવિધ રૂપોનો પરિચય મળે છે. જાણે કે જિંદગીના રંગમંચ ઉપર બાપુ એક નિપુણ કલાકારની માફક જુદીજુદી ભૂમિકાઓને ન્યાય ન આપી રહ્યા હોય! જો કે બધા જ પ્રકરણો બાપુના જીવન સાથે વણાયેલા હોવા છતાં એકબીજા સાથે સંબંધિત કરતાં સ્વતંત્ર હોય તેવું વધુ જણાય છે.

**વૈવિધ્યતા:** ગ્રંથમાં પ્રકરણોનું નામાભિધાન, મુખપૃષ્ઠ પરની બાપુની અનેરૂ સ્મિત વેરતી છબી તથા બન્ને હાથે લખાયેલ તેમના હસ્તાક્ષરો, બાપુના વિવિધ રૂપોનો ઊંડાણપૂર્વકનો પરિચય, પ્રારંભમાં માતા પ્રત્યેનું ઋણસ્વીકાર, નહેરૂ ચાચાની શુભેચ્છા, મૂળ લેખિકા અનુબહેનનો સંદેશ તથા અનુવાદકોના લેખનકાર્યમાં સહાયરૂપ થનાર મિત્રોના નામ જોગ ઉલ્લેખ સહ ઋણસ્વીકાર કરતાં બે બોલ, વિવિધ પ્રકરણોમાં અવતરણોમાં દર્શાવેલ બાપુના મૂળ વિચારો, બાપુના વિવિધ રૂપોને પ્રતિબિંબિત કરતાં શ્રી આર.કે લક્ષ્મણના ચિત્રો (કાર્ટૂનો), વિવિધ રાજપુરૂષો, ધર્મગુરૂઓ તથા લોકો સાથેના બાપુના અનુભવો – વ્યવહારો... વગેરે ગ્રંથના વિષયવસ્તુની વૈવિધ્યતામાં રંગો પૂરે છે.

**રજૂઆતમાં તટસ્થતા:** આ ગ્રંથનો સમાવેશ જીવનચરિત્રાત્મક સાહિત્યમાં તથા બાળસાહિત્યમાં – એમ બન્ને સાહિત્યમાં કરી શકાય તેમ છે. તેમાં બાપુના જીવનને લેખિકા દ્વારા વિવિધ ૨૭ ભૂમિકાઓમાં વર્ગીકૃત કરવાનો તટસ્થતાપૂર્વક પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથના પ્રકરણોમાં વિવિધ પ્રસંગોને લેખિકાએ એક નિરપેક્ષ અવલોકનકાર તરીકે નિહાળતા હોય અને તેનું વર્ણન કરતા હોય તે રીતે નિરૂપિત કર્યા છે, જેમાં તેમની તટસ્થતાપૂર્વકની શૈલીના દર્શન થાય છે.

**વાસ્તવિક જીવન સાથેનો અનુબંધ:** સમગ્ર ગ્રંથમાં, તેના દરેક પ્રકરણોમાં બાપુના જીવનમાં, શ્રીકૃષ્ણ દ્વારા ભગવદગીતામાં વર્ણિત કર્મયોગ પ્રતિબિંબિત થાય છે. ગ્રંથનો દરેકે દરેક પ્રસંગ બાપુના વાસ્તવિક જીવન સાથે વણાયેલો જોવા મળે છે, જે ગાંધીજીને 'સત્યના પ્રયોગો' પુસ્તક દ્વારા ઓળખનાર વાચક વર્ગને બાપુના એક જુદા જ વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. બાપુનો દરેક કાર્યને ક્યારેય સાધારણ કે નાનું ન સમજવાનો, કુશળતાપૂર્વક તેને પાર પાડવાનો સંદેશ સમગ્ર ગ્રંથના વિષયવસ્તુમાં વણાયેલો જોવા મળે છે. જેમાં બાપુની માનવતા મહેક તથા તેમના વિશ્વ વંદનીય ચારિત્ર્યનો આધાર જોવા મળે છે, જે વર્તમાન સમયમાં પણ બાપુના જીવન સંદેશની પ્રસ્તુતતા સાબિત કરે છે.

**પુસ્તકની ઉપયોગિતા:** પ્રસ્તુત ગ્રંથ તેની આગવી શૈલી અને વિશેષતાઓને કારણે ગાંધી પ્રેમી વાચક વર્ગની સાથે સાથે બાળકોને વધુ આકર્ષે છે. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે બાળવર્ગ અને યુવાવર્ગ ગાંધી વિચારને વધુ આત્મસાત કરે એવા

કેન્દ્રીય વિચારોને રજૂ કરતું આ એક ઉમદા સાહિત્ય છે, જેના અભ્યાસથી બાળકો ગાંધીને એક આગવા દ્રષ્ટિકોણથી ઓળખતા થશે જ તે નિશ્ચિત છે. શિક્ષણક્ષેત્રે પણ જે જે અભ્યાસક્રમોમાં ગાંધીદર્શનનો સંદર્ભ આવે છે ત્યાં આ ગ્રંથ એક ઉત્તમ સંદર્ભપુસ્તક પૂરવાર થાય તેમ છે.પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક સ્તરે પાઠ્યક્રમમાં પણ આ ગ્રંથના પ્રસંગોને જો મૂકવામાં આવે તો વિદ્યાર્થીઓને પણ બાપુના વિવિધ રૂપોની ઓળખ આપી શકાય તેમ છે. પ્રસ્તુત રચના વાચક વર્ગ અને તેમાં પણ ખાસ બાળકોને ઝકડી રાખે અને એક જ બેઠકે પુસ્તક પૂરું કરવા પ્રેરે તેવો રસપ્રદ અને ઉત્તમ ગ્રંથ છે.

**સમીક્ષકનો અભિપ્રાય:** 'બહુરૂપી ગાંધી' એ અનુબહેન બંધોપાધ્યાય દ્વારા લિખિત અને ડૉ.હરિકૃષ્ણ એ.પટેલ તથા ડૉ.પી.ટી.પંડ્યા દ્વારા અનુવાદિત એક જીવનચરિત્રાત્મક ગ્રંથ છે. લેખિકાએ આ ગ્રંથનું સમગ્ર વિષયવસ્તુ મહાત્મા ગાંધીજીના જીવન–પ્રસંગોમાંથી લીધું છે. આઝાદી મળ્યા બાદ લેખિકાને એવું લાગ્યું કે ગામડાના લોકો અને વિદ્યાર્થીઓ ગાંધીજી વિશે બહુ ખાસ કાંઈ જાણતા નથી, તે વાતથી પ્રેરાઈને તેમણે આ ગ્રંથનું નિર્માણ કરેલ છે. જો કે આજે જયારે આપણે બાપુની ૧૫૦મી જન્મજયંતી ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે પણ અનેક લોકો ગાંધીજી અંગે કે ગાંધી વિચાર અંગે ઊંડાણથી પરિચય ધરાવતા નથી. આજે જયારે વિદેશના સંગ્રહાલયો અને ગ્રંથાલયો ગાંધી વિચારો વ્યક્ત કરતી કૃતિઓથી વધુ સમૃદ્ધ જોવા મળી રહ્યા છે, ત્યારે પ્રસ્તુત ગ્રંથ હજારો ભારતીય બાળકો – કિશોરો – યુવા વાચકોને આદર્શ જીવનનો રસ્તો બતાવવા માર્ગદર્શક બની રહેશે તે નિર્વિવાદ છે.

રાષ્ટ્રની આઝાદીના ૭૦ વર્ષો પૂરાં થયા પછી પણ જો આપણાં યુવા–વર્ગને એ પ્રશ્ન સતાવતો હોય કે ગાંધી આ દેશ અને સમાજ માટે વર્તમાન સમયમાં કેટલા પ્રસંગોચિત છે? તો તે ખૂબ જ ચિંતાજનક છે. આવી વિચારધારા ધરાવનાર વર્ગને આ ગ્રંથ ગાંધીજીના જીવનકવનને ઓળખવા અવશ્ય માર્ગદર્શક બનશે. ગાંધીજી વિશે વાતો કરનાર બુદ્ધિજીવીઓએ તેમના વિચારો વ્યક્ત કરતાં પહેલાં તેમને સાચા અર્થમાં ઓળખવા અવશ્ય આ ગ્રંથ વાંચવો જ રહ્યો. ૧૫૦મી જન્મજયંતીએ બાપુને એ જ સાચી સ્મરણાંજલિ અર્પી ગણાશે.

શાશ્વત ગાંધીના ચરણોમાં કોટી કોટી વંદન.

**સંદર્ભ:**

1. પટેલ, હરિકૃષ્ણ અ.અને પંડ્યા, પી.ટી.(૨૦૧૨). *'બહુરૂપી ગાંધી'* (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: રન્નાદે પ્રકાશન.